# સાબરડેરી દ્વારા વૈજ્ઞાનિક મધમાખી ઉછેર તાલીમ કાર્યક્રમનું આયોજન

બાયડ તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો દૂધ વ્યવસાયની સાથે મધ માખી ઉછેર કરી દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થાય તે હેતુથી સાબરડેરી દ્વારા વૈજ્ઞાનિક મધમાખી ઉછેર કરતાં ખેડૂતો પાસેથી મધની સહકારી ધોરણે ખરીદી કરી તેના માર્કેટિંગ માટે ભવિષ્યમાં કરવામાં આવનાર વ્યવસ્થાના ભાગરૂપે સાબર ડેરી દ્વારા MINI Mission-I of NATIONAL BEEKEEPING & HONEY MISSION અંતર્ગત NATIONAL BEE BOARD દ્વારા પ્રયોજિત ૭ દિવસની વૈજ્ઞાનિક મધ માખી ઉછેર માટેની દ્વિતિય તાલીમનું આયોજન દ્ધઢ્ઢમ્ ના સહયોગથી હિમતનગર તાલુકાની વિવિધ દૂધ મંડળીઓના ૨૫ દૂધ ઉત્પાદકો માટે તા.૭.૦૨.૨૦૨૨ થી તા.૧૩.૦૨.૨૦૨૧ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું જેમાં




રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ ના અધિકારી શ્રી સંદીપભાઈ, ઋષિકેશભાઈ તથા બાગાયત વિભાગ ના નાયબ નિયામક અધિકારીશ્રી વી .એમ.પટેલ , સાબર ડેરી ના ડૉ.એચ.એમ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને રાણી મધમાખીના ઉત્પાદનની ટેક્નોલોજી, મધમાખીની પેટીઓના સ્થારાંતરણ અને મધમાખી દ્વારા ફૂલોના અમૃતને મધમાં રૂપાંતરિત કરીને તેના ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.ખેડૂતોને ખેતી, બાગાયત અને વનસંવર્ધનમાં મધમાખીઓ દ્વારા સ્વ-પરાગનયન, ક્રોસ-પોલિનેશનનું મહત્વ વિસ્તારપૂર્વક સમજાવતાં જણાવાયું હતું કે મધમાખી ઉછેર એ કૃષિ આધારિત ઉદ્યોગ છે, જે મહિલાઓ, યુવાનો, ભૂમિહીન ખેડૂતો અને વડીલો પણ કરી શકે છે. તાલીમાર્થીઓને મધમાખીઓને અસર કરતા રોગો, જંતુનાશકો અને અન્ય દુશ્મનો વિશે પણ માહિતી આપવામાં આવી હતી.તાલીમ લેનાર ખેડૂતોને પ્રમાણપત્રો આપવામાં આવેલ છે જેના આધારે ખેડૂતોને મધમાખી ઉછેર વ્યવસાય કરવા માટે સરકારશ્રી ની યોજના હેઠળ સહાય મળવાપાત્ર થશે.

# મોડાસા કમલમ ખાતે પત્રકારોની બેઠક યોજાઈ

## પ્રદેશ આગેવાનો તેમજ જિલ્લા સંગઠન પ્રમુખ હાજર રહ્યા

મેઘરજ તા. ૧૫

મોડાસા અરવલ્લી કમલમ ખાતે મંગળવારે અરવલ્લી જિલ્લા ના પત્રકારોની બેઠક યોજાઈ હતી.




જેમાં પ્રદેશના હોદ્દેદારો તેમજ અરવલ્લી જિલ્લા મીડિયા કન્વીનર પ્રભુદાસ પટેલ અને જિલ્લા સંગઠન પ્રમુખ રાજુભાઈ પટેલ હાજર રહ્યા હતા. જેમાં જિલ્લા સંગઠન પ્રમુખ રાજુભાઈ પટેલ જણાવ્યું હતું કે અરવલ્લી ભાજપ સંગઠન હંમેશા જિલ્લાના વિકાસ માટે કાર્યરત છે.જિલ્લાના પ્રાણ પ્રશ્નોની વાચા આપવા હંમેશા અરવલ્લી જિલ્લા ભાજપ અડીખમ રહ્યું છે.અરવલ્લી સિવિલ મુદ્દે તેમને જણાવ્યું હતું કે સિવિલનું ટેન્ડર ભરાઈ ગયુ છે ટૂંક સમયમાં ટેન્ડર મંજુર થનાર કોન્ટ્રાકટર દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવશે તેમજ મોડાસા અલગ અલગ દાતાઓની મદદથી નવ જગ્યાએ સર્કલ બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે તેમજ ૧૮૬ કરોડના ખર્ચે મેઘરજ ભિલોડાના ખેડૂતો માટે તળાવો ભરવા માટેની સૈદ્ધાંતિક મંજુર મળી ગઈ છે અને ટૂંક સમયમાં તેની કામગીરી શરૂ થઈ જશે.આ પ્રસંગે પ્રદેશમાંથી હેમંતભાઈ ભટ્ટ, રેખાબેન ચૌધરી, કિશોરભાઈ મકવાણા તેમજ જિલ્લા માંથી મોટી સંખ્યામાં પત્રકારો હાજર રહ્યા હતા.

# સરડોઈમાં શ્રી ચામુંડા ચેહર ભવાની મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

## સંતો, મહંતો સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી



સરડોઈ તા.૧૫

મોડાસા તાલુકાના સરડોઈ ગામે શ્રી ચામુંડા ચેહર ભવાની મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે સંતો, મહંતોનું સામૈયું કરી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી જેમાંસમસ્ત ખાંભલ્યા પરિવાર સરડોઈ, ગોખરવા, સોનાસણ, નેસડા તેમજ ગ્રામજનો ના સહયોગથી નવનિર્મિત મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં જીવણ ભાઈ સાગર ભાઈ દેસાઈ મુખ્ય યજમાન પદે બિરાજ્યા હતા. આ પ્રસંગે વાળીનાથ અખાડા તરભના પ.પૂ. ૧૦૦૮ જયરામગીરી બાપુ અને પ.પૂ. ધ.ધૂ.મહંતશ્રી દ્વારકાદાસ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.



**માલવણ શાળામાં પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ**

મોડાસા તાલુકાની માલવણ કેશાપુર પ્રા.શાળામાં પુલવામાં ૩ વર્ષ પહેલાં શહિદ થયેલા ૪૦ સી.આર.પી.એફ જવાનોને ત્રીજી વરસી પર ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી . આ પ્રસંગે ગામના યુવાનો, મહિલાઓ અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ પોલીસે ધડી ગામેથી થયેલ ટ્રેકટરના ટ્રેલરની ચોરીનો ભેદ ઉકેલ્યો

## મહેસાણા-સાબરકાંઠા જિલ્લામાંથી થયેલ સાત ટ્રેક્ટર ના ટ્રેલરો ની ચોરી નો ભેદ ઉકેલાયોઃ સાત ટ્રેલર એક ટ્રેક્ટર એક મોબાઇલ સહિત કુલ-૭,૩૦,૦૦૦નો મુદામાલ જપ્ત

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસે પ્રાંતિજના ધડી ગામેથી ચોરાયેલ ટ્રેક્ટર ના ટ્રેલર ની ચોરી નો ભેદ ઉકેલી સાબરકાંઠા-મહેસાણા જિલ્લામાંથી ચોરી કરેલ સાત ટ્રેલર એક ટ્રેક્ટર સાથે વિજાપુરના સંગપુર ના આરોપીને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડી કુલ-૭,૩૦,૦૦૦ નો મુદ્દામાલ રીકવર કર્યો.

પ્રાંતિજ ના ધડી ગામમાંથી રાત્રીના દરમ્યાન અઠવાડિયા પહેલા ટ્રેક્ટર ની ટ્રેલર ની ચોરી થયાની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા નોંધાઈ હતી તો પ્રાંતિજ પોલીસ ને ખાનગી રાહે બાતમી મળી હતી કે પ્રાંતિજ ના ધડી ખાતેથી ચોરી થયેલ ટ્રેલર લઈ આરોપી વિજાપુર બાજુથી સાદોલીયા પુલ ઉપર થઈ પ્રાંતિજ તરફ આવે છે જેને લઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઇ એચ.એસ. ત્રિવેદી, પ્રાંતિજ પીએસઆઇ વાય.બી.બારોટ તથા મહિલા પીએસઆઇ એ.બી.મિસ્ત્રી તથા ડીસ્ટાફ અને પોલીસ સ્ટાફ સાદોલીયા પુલ પાસે વોચ ગોઠવી હતી અને મળેલ બાતમી ના આધારે ટ્રેલર લઈ ને આવતો ઈસમ ની પુછપરછ કરતા તેનુ નામ પ્રદીપસિંહ ઉર્ફે લાલો જગદીશસિંહ મુળસિંહ રાઠોડ ઉ.વર્ષ-૩૧, રહે.સંગપુર (ગસાયતા) , તા.વિજાપુર , જિ.મહેસાણા હોવાનુ જણાવ્યુ હતુ તેની પાસે ટ્રેક્ટર તથા ટ્રેલર ના કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને ટ્રેક્ટર તથા ટ્રેલર સંબંધે કોઈ સંતોષકારક જવાબ ના આપતા પોલીસ દ્વારા કડક પૂછપરછ કરતા તેની પાસે રહેલ ટ્રેક્ટર નુ ટ્રેલર સાતેક દિવસ પહેલા પ્રાંતિજ ના ધડી ગામેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ તો પ્રાંતિજ પોલીસે આરોપીની અટકાયત કરી પોલીસ સ્ટેશન ખાતે લાવી વધુ પુછપરછ કરતા તેને મહેસાણા જિલ્લો તથા સાબરકાંઠા માથી સાત ટ્રેક્ટર ના ટ્રેલર ની ચોરી કર્યા ની કબુલાત કરી હતી જેમા વિજાપુર ના ધનપુરા માંથી સાડા ત્રણેક માસ અગાઉ ટ્રેલર ની ચોરી કરી હતી અને દોઢ મહિના અગાઉ વિજાપુર ના સુંદરપુર માંથી ટ્રેલર ની ચોરી કરી હતી તો દોઢ મહિના અગાઉ વિજાપુર ના ગોંવિદપુરા માંથી ટ્રોલી ચોરી હતી જયારે એક મહિના અગાઉ વિજાપુર ના સાંકાપુર માંથી ટ્રેલર તથા બાવીસ દિવસ પહેલા વિજાપુર ના કણભા માંથી ટ્રેલર ની ચોરી કરી હતી અને ૧૫ દિવસ પહેલાજ હિંમતનગર ના વકતાપુર માંથી ટ્રેલર ની ચોરી કરી હતી જયારે એક અઠવાડીયા અગાઉ જ પ્રાંતિજ ના ધડી ગામેથી ટ્રેલર ની ચોરી કર્યા નુ કબુલાત પ્રાંતિજ પોલીસ સમક્ષ કરી હતી તો પ્રાંતિજ પોલીસે વિજાપુર ના સંગપુર નો ઝડપાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ કુલ-૭ ટ્રેલર તથા ન્યુહોલેન્ડ ટ્રેક્ટર નંગ-૧ તથા મોબાઈલ નંગ-૧ મળી કુલ-૭,૩૦,૦૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો અને ટુંકજ સમય મા ટ્રેલર ચોર આરોપીને ઝડપી પાડી જેલ ભેગો કરી ચોરી નો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડયો હતો તો ટ્રેલર ચોર આરોપી પ્રદીપસિંહ ખાલી ટ્રેક્ટર લઈ ને મોડી રાતે નિકળતો હતો અને જ્યા ટ્રેલર રહેલુ જણાય તેની રેકી કરી તેની પાસે લાવેલ ટ્રેક્ટર ની પાછળ ટોલી લઈ ને નિકળી જતો હતો તો તમામે-તમામ ટ્રેલર મોડી રાત્રીએ ચોરી કર્યા ની કબુલાત કરી હતી.

# જુમસર ગામમાં મહિલાને અપશબ્દો બોલીને છેડતી કરતા ત્રણ ઈસમો સામે પોલીસ ફરિયાદ

ભિલોડા,તા.૧૫

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી જોવા મળે છે. મહિલાઓ અસલામતી અનુભવતા જાગૃત મહિલાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના જુમસર ગામમાં મહિલાને બિભત્સ અપશબ્દો બોલીને છેડતી કરતા ચકચાર મચી જવા પામી છે.મહિલાએ જુમસર ગામના ત્રણ ઈસમો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. કરીયાણાનો સામાન ખરીદી અર્થે નીકળેલી મહિલાનું મોપેડ ઈસમોએ ઉભું રખાવીને બિભત્સ વર્તન કર્યું , જીભાજોડી કરી અને અપશબ્દો ઉચ્ચારી મહિલાને જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી.જુમસર ગામના ત્રણેય ઈસમો કારમાં બેસીને આવ્યા હતા.આ બનાવ સંદર્ભે ભરત જીવાભાઈ પાંડવ , સંદિપ જીવાભાઈ પાંડવ, મહેશ ધીરૂભાઈ પાંડવ ત્રણેય (રહેવાસી . જુમસર, તા. ભિલોડા) વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠામાં વારંવાર બદલાતા હવામાનને પગલે બટાકાના પાકમાં સુકારાનો રોગચાળો : ખેડૂતોને નુકસાનની ભીતિ

પાલનપુર તા.૧૫

આ વર્ષે શિયાળા દરમિયાન થયેલા કમોસમી વરસાદ અને માવઠાએ બટાકાના ખેડૂતો માટે મુશ્કેલી ઉભી કરી છે. વારંવાર હવામાં ભેજનું પ્રમાણ વધવાથી બટાકાના પાકમાં પાછોતરો સુકારા નામનો રોગ આવ્યો છે. જેના કારણે ખેતરમાં બટાકાનો ઉભો પાક બળીને ખાખ થઈ ગયો છે. પછોતરા સુકારાના કારણે બટાકા પકવતા ખેડૂતોને મોટું નુકસાન થયું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ



જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,અહીં પાછોતરો સુકારો બટાકા માટે મુશ્કેલી બન્યો છે. બનાસકાંઠામાં ડીસા અને તેની આજુબાજુનાં પંથક બટાકાના ખેતી માટે વિખ્યાત છે. દર વર્ષે મોટાપાયે અહીં બટાકાનું વાવેતર થાય છે. આ વર્ષે પણ ૬૦ હજારથી વધુ હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર થયું હતું.શિયાળા દરમિયાન વારંવાર થયેલા કમોસમી વરસાદ અને માવઠાના કારણે બટાકા પર તેની અસર દેખાઈ રહી છે. મોટાભાગના વિસ્તારમાં બટાકાના પાકને પાછોતરા સુકારાનો રોગ લાગુ પડ્યો છે. જેના કારણે ખેતરમાં ઊભેલો બટાકા નો પાક બળી ગયો છે. સુકારાના કારણે બટાકા પકવતા ખેડૂતોની મુશ્કેલી વધી છે. બટાકા તૈયાર થાય તે પહેલાં જ બટાકાનો પાક બળી જતાં ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે.

બટાકામાં આવેલા સુકારાના રોગના કારણે કૃષિ સંશોધકોએ પણ તપાસ હાથધરી છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના બટાકા સંશોધન કેન્દ્ર દ્વારા સુકારાનો રોગ કેમ આવ્યો છે તે બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગત વર્ષેનું બિયારણ તેમજ વારંવાર થયેલા કમોસમી વરસાદના કારણે પછોતરો સુકારો આવ્યો છે. બટાકા પકવતા ખેડૂતો સ્પીક્લર પદ્ધતિથી પિયત કરે છે. એક તરફ હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી બટાકામાં સુકારાનો રોગ આવ્યો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. પછોતરો સુકારાના કારણે પાક ઉત્પાદન ૨૫ ટકા જેટલું ઓછું થશે.

બટાકા પકવતા ખેડૂતો માટે સુકારાનો રોગ સૌથી મોટી મુશ્કેલી છે. અગાઉ પણ બટાકા પકવતા ખેડૂતો મોટી નુકશાની ભાવ તળીયે વેઠી ચૂકયા છે. તેમાં પણ હવે પછોતરો સુકારો ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો બન્યો છે.

# ડીસાના ગાંધીચોક અને જીઆઈડીસી વિસ્તારમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

## તેલના સેમ્પલ લઈ શંકાસ્પદ તેલનો જથ્થો સિલ કરાયો

ડીસા, તા. ૧૫

ડીસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ભેળસેળયુક્ત ચીજવસ્તુઓનું વેચાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે અને



લેભાગુ વેપારીઓ દ્વારા ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી અને ખાધ પદાર્થોની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરતા હોવાનું બુમો ઉઠવા પામી છે ત્યારે હવે લોકોમાં પણ જાગૃતિ આવી છે અને ખાધ પદાર્થોમાં ભેળસેળ કરતા લેભાગુ વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે અનેક જાગૃત નાગરિક દ્વારા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ગાંધીનગર ખાતે લેખિતમાં રજૂઆત કરવામાં આવે છે જેના પગલે સોમવારે જાગૃત નાગરિકની અરજીના આધારે ડીસાના ગાંધીચોક વિસ્તારમાં આવેલી કનૈયા ટ્રેડિંગ નામની દુકાનમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને બ્રાન્ડેડ કંપનીના તેલના ડબ્બાના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને જથ્થાને સીલ કરવામાં આવ્યો હતો આ ઉપરાંત ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં આવેલી પદ્મનાથ ઈન્ડસ્ટ્રીઝમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડી તેલના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને શંકાસ્પદ તેલના જથ્થાને સીલ મારવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે જીઆઈડીસી વિસ્તારમાં આવેલી પદ્મનાથ ઈન્ડસ્ટ્રીઝમાં અગાઉ પણ તોલમાપ વિભાગ દ્વારા દરોડા પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે આજે ફરીથી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પણ પદ્મનાથ ઈન્ડસ્ટ્રીઝમાં દરોડા પાડી તેલના સેમ્પલ લેવામાં આવ્યા હતાં લોકમુખે ચર્ચા મુજબ બનાસ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલ પદ્મનાથ ઓઈલમીલ સંચાલકો દ્વારા ભેળસેળયુક્ત ચીજવસ્તુઓનું વેચાણ કરી ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે અને બંધ દરવાજે તેલના ડબ્બા ભરી વેચાણ કરી રહ્યા છે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના નિયમોની ઐસીતૈસી કરી રહ્યા છે ત્યારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડાના પગલે જન આરોગ્ય સાથે ચેડાંકરતાંલેભાગુવેપારીઓમાંફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# પાલનપુરના શ્રી વિજય હનુમાનજી આશ્રમના મહંતે કચ્છમાં ૩૬૫ દિવસ બંધ મકાનમાં તપ કર્યું

પાલનપુર તા. ૧૫

પાલનપુર શ્રી વિજય હનુમાનજી મંદિરના મહંતે કચ્છમાં જઈને ૩૬૫ દિવસ બંદ મકાનમાં તપ કરી રવિવારે પાલનપુર આશ્રમમાં આવતા ભક્તોએ સામૈયું કરું મહંતને વધાવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર રામલીલા મેદાન નજીક આવેલ શ્રી વિજય હનુમાનજી આશ્રમના મહંત શ્રી



૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી કલ્યાણાનંદ ગીરીજીએ છેલ્લા ૪૨ વર્ષથી પાલનપુરમાં રહે છે જેમને કચ્છના રતડીયા આશાપુરા માતાજીના મઠ ખાતે તેમના ગુરુજીના આશ્રમ શાળામાં જઈને અનુષ્કાન બંધ મકાનમાં જ્યાં સૂર્યનું કિરણ પણ ન આવે તેવા મકાનમાં જઈને સતત ૩૬૫ દિવસ એટલે એક વર્ષ સુધી કચ્છમાં તપ કરતા હતા તે દિવસથી સતત પાલનપુરના આશ્રમમાં હવન યજ્ઞ ચાલુ રહેતો હતો.શ્રી કલ્યાણાનંદ ગીરીજીનેચાર જેટલી શાળાઓ ચાલે છે.તેમજ ૨૫થી વધારે આશ્રમો છે.જ્યાં ખૂબ સેવા આપે છે.જ્યાં તપ પુર્ણ કરી રવિવારે પ્રથમ વાર પાલનપુર પધારતા શ્રી બત્રીસી પુરોહિત યુવક મંડળ પાલનપુર દ્વારા સામૈયું કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી



પ્રકાશભાઈ ધીરુભાઈપટેલ
મારુતિ ઇલેક્ટ્રોનિક સ્ટોર
બાયડ જિ.અરવલ્લી



દિનેશભાઈ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



કિરીટગીરી એમ. ગોસ્વામી, એડવોકેટ
નોટરી
ચોઇલા તા બાયડ



દિલીપસિંહ મકવાણા
નવલપુર, ભટોડા
તા. હિમતનગર

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

# બાયડ ભાટિયા સમાજનું ગૌરવ

બાયડ તા.૧૫

બાયડના ચિરાગકુમાર અરવિંદભાઈ ભાટિયાની પુત્રી ચિ. સૃષ્ટી એ ચાલુ વર્ષે લેવાયેલ ઝ છ ફાઉન્ડેશન પરીક્ષામાં ૫૦.૭૫ ટકા (૪૦૦ ગુણમાંથી



૨૦૩) ગુણ મેળવી સમાજનું અને બાયડ ગામનું ગૌરવ વધારતાં ભાટિયા સમાજ મોડાસા જૂથ સેવા મંડળના પ્રમુખ અરવિંદભાઈ ડી. ભાટિયા, પુર્વ પ્રમુખ ભુપેન્દ્રભાઈ ભાટિયા, ઉપપ્રમુખ ભરતભાઈ ભાટિયા, રમેશભાઈ ભાટિયા(મોડાસા), ભરતભાઈ ભાટિયા(ઇસરી), મંત્રી જીતેન્દ્ર ભાટિયા,શૈલેષ એસ.ભાટિયા(પુર્વ પ્રમુખ, જાયન્ટ ગ્રુપ બાયડ)દયન ભાટિયા વગેરે એ ખુબ ખુબ અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ પાઠવી છે